ગુજરાતમિત્ર | બારડોલી-વ્યારા-ભરૂચ



# બારડોલીની 14 વર્ષીય સગીરા અને 17 વર્ષનો સગીર હોટલમાં!

**ગુમ** સગીરાને શોધતી પોલીસે 17 વર્ષીય સગીરને પકડી પૂછપરછ કરી તો હોટલના રૂમમાં શારીરિક સંબંધો બાંધ્યાનું કબૂલ્યું

**સગીર** વિરુદ્ધ પોક્સોનો ગુનો, જુવેનાઇલ કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ હોમમાં મોકલી દેવાયો

**સગીરાનો** કબજો લઈ પોલીસે હોટલમાલિક વિરુદ્ધ ગુનો નોંધ્યો, નોંધણી વિના રૂમ ભાડે આપ્યો હતો

બારડોલી: બારડોલી નજીકના એક ગામની 14 વર્ષીય સગીરા સાથે તેના 17 વર્ષીય મિત્રએ તેન રોડ પરની એક હોટલમાં રૂમ ભાડે રાખી શારીરિક સંબંધ બાંધ્યા હતા. આ અંગેની જાણ સગીરાની માતાને થતાં માતાએ સગીર વિરુદ્ધ ફરિયાદ કરતાં ચકચાર મચી ગઈ છે. એટલું જ નહીં નોંધણી વગર હોટલમાં રૂમ ભાડે આપનારા હોટલ માલિક સામે પણ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે હોટલ માલિકની અટક કરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

આધુનિક સમયમાં સંબંધોની પરિભાષા બદલાઈ રહી છે. બાળવયે થતાં ગુનાને કારણે સમાજ સહિત વાલીઓમાં પણ ચિંતાનો વિષય જોવા મળી રહ્યો છે. બારડોલી નજીકના એક ગામની 14 વર્ષીય સગીરા ધો.9માં અભ્યાસ કરે છે. તેને 17 વર્ષીય તરુણ સાથે પ્રેમસંબંધ હતો. થોડા દિવસ પૂર્વે શાળાએ જઈ રહેલી સગીરાને તેનો સગીર મિત્ર મળી જતાં તે તેને બારડોલીના તેન રોડની હોટલ ગ્રેમાં લઈ ગયો હતો. જ્યાં રૂમ ભાડે રાખી તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો. પુત્રી શાળાનો સમય પૂર્ણ થયા બાદ પણ ઘરે પરત નહીં આવતા શોધખોળ શરૂ કરી હતી.

બારડોલી પોલીસને જાણ કરતાં પોલીસે તપાસ શરૂ કરી હતી. જેમાં સગીરાના ઘરની નજીક આંટાફેરા મારતા એક તરુણ સામે પરિવારે શંકા વ્યક્ત કરતાં પોલીસે તેને શોધી કાઢ્યો હતો અને તેની પૂછતાછમાં સગીરાને હોટલ ગ્રેમાં રાખી હોવાની કબૂલાત કરી હતી. પોલીસે તાત્કાલિક હોટલ પર પહોંચી સગીરાનો કબજો લઈ પૂછપરછ શરૂ કરી હતી, જેમાં તેમણે શારીરિક સંબંધો બાંધ્યા હોવાનો ખુલાસો કર્યો હતો.

પોલીસે સગીરાની માતાની ફરિયાદને આધારે સગીર વિરુદ્ધ પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે અને જુવેનાઇલ કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ હોમમાં મોકલી આપ્યો છે. આ ઉપરાંત પોલીસે સગીર પ્રેમી પંખીડાને નોંધણી વગર હોટલના રૂમ ભાડે આપનાર માલી ઉમેશ મંગળ કલસરિયા (ઉ.વ.36 રહે રોયલ પાર્ક સોસાયટી, બાબેન, બારડોલી) વિરુદ્ધ ગુનો નોંધી તેણી ધરપકડ કરી હતી. પોલીસે હોટલના કોમ્પ્યુટરમાં તપાસ કરતાં ઓનલાઈન પથિક સોફ્ટવેરમાં નામોની નોંધણી કે અન્ય કોઈ પુરાવા મળી આવ્યા ન હતા. ત્યારે નોંધણી વિના રૂમ ભાડે આપનારા હોટલ માલિકોમાં આ ઘટનાને લઈ ફફડાટનો માહોલ જોવા મળ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### માંડવીના યુવા સમાજસેવી હર્ષિલ રામપરિયાને એવોર્ડ એનાયત કરાયો


હિતેશ પટેલ

માંડવી: નાની વયે લોકો માટે જીવતા અને સમાજ માટે સમર્પિત યુવા નેતા હર્ષિલ પ્રવીણભાઈ રામપરિયાને પ્રતિષ્ઠિત "Forever Star India Awards-Global Infinity Achievers 2025" માં Social Worker Category હેઠળ એવોર્ડથી સન્માનિત કરાયા હતા. હર્ષિલ વર્ષોથી જરૂરિયાતમંદો માટે આશ્રય, ખોરાક અને સહાયનો હાથ લંબાવતા આવ્યા છે. તેઓ અનાથ બાળકોની શાળા ફી ભરે છે, વિધવા મહિલાઓને રાશન આપે છે અને દરેક તહેવાર જરૂરિયાતમંદ લોકો સાથે ઉજવીને ખુશીઓ વહેંચે છે. હર્ષિલ હાલ ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા-મહામંત્રી (માંડવી નગર) તેમજ OneStep4Help Foundationના પ્રમુખ તરીકે પણ જાણીતા છે.

### માંડવીમાં પશુ પોષણ વિષયક તાલીમ


હિતેશ પટેલ

માંડવી: માંડવીના દેવગઢ ગામે પશુ વિજ્ઞાન કેન્દ્ર અને કામધેનુ યુનિવર્સિટી, નવસારી કેમ્પસના ઉપક્રમે 'પશુપાલનમાં પશુ પોષણ અને બચ્ચા ઉછેરનું મહત્ત્વ' વિષયક એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આ તાલીમમાં ૫૪ પશુપાલકે ભાગ લીધો હતો. આ પ્રસંગે પશુચિકિત્સા અધિકારી ડો.સચિનકુમાર કલાસવાએ પશુ વિજ્ઞાન કેન્દ્રના ઉદ્દેશો અને કામગીરીની વિગતવાર માહિતી આપી હતી. પશુ સંશોધન કેન્દ્રના મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક ડો.મુકેશભાઇ કટારિયાએ પશુપાલનમાં પશુઓને ઘાસચારો, દાણ, અનાજ સહિત પોષણનું મહત્ત્વ સમજાવ્યું હતું. ડો.સંજયકુમાર પરમાર (મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક)એ પશુપાલનમાં બચ્ચા ઉછેરનું મહત્ત્વ વિસ્તૃત રીતે સમજાવ્યું હતું. ડો.સુનીલકુમાર પ્રજાપતિએ પશુપાલકો પાસેથી પ્રશ્નો અને મૂંઝવણો સાંભળી તેઓના પ્રશ્નોના નિરાકરણ કર્યું હતું. તાલીમ દરમિયાન પશુપાલકોને પ્રોત્સાહનના ભાગરૂપે પશુપાલન વિષય આધારિત સાહિત્યની કિટનું વિતરણ પણ કરાયું હતું. આ કાર્યક્રમ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ હેડ, પશુ સંશોધન કેન્દ્ર, કામધેનુ યુનિવર્સિટી, નવસારીના ડો.કે.એન.વાઘવાણી તથા વિસ્તરણ શિક્ષણ નિયામક ડો.જે.એસ.પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

### અંબિકા તાલુકાના અનાવલ ગામે જનજાતીય ગૌરવ રથયાત્રાનું સ્વાગત


મેહુલ પટેલ

અનાવલ: ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતી વર્ષની દેશ સહિત સમગ્ર ગુજરાત રાજ્યમાં 'જનજાતીય ગૌરવ વર્ષ' તરીકે ખૂબ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. રાષ્ટ્રનિર્માણમાં જનજાતીય સમાજના ગૌરવપૂર્ણ યોગદાનને જનજન સુધી પહોંચાડવાના ઉદ્દેશ સાથે વલસાડના ઉમરગામ ખાતેથી નીકળેલી જનજાતીય ગૌરવ રથયાત્રા ચીખલીના સુરખાઈથી નીકળી અંબિકા તાલુકાના અનાવલ ગામે આવી પહોંચતાં રમતગમત વિભાગના રાજ્ય મંત્રી ડો.જયરામભાઈ ગામીત, સાંસદ ધવલભાઈ પટેલ, ધારાસભ્ય મોહનભાઇ ઢોડિયા અને ગ્રામજનો, આગેવાનો દ્વારા રથનું ઉત્સાહ અને ઉમંગ સાથે ભવ્ય સ્વાગત કરાયું હતું.

### કેવડિયા ખાતે પિંક ઓટો ચલાવતી બહેનો આત્મનિર્ભર બની



રાજપીપળા: ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગનાં રાજ્ય કક્ષાના મંત્રી ડો.મનીષાબેન વકીલે અત્રે સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરની બહાર પિંક ઓટો ચલાવીને મહેનત કરી રહેલ રહેલ સ્થાનિક આદિવાસી બહેનો સાથે વાતચીત કરી હતી. સંયોગ એ સર્જાયો કે મંત્રી મનીષાબેને જે રિક્ષામાં સવારી કરી એ મહિલા રિક્ષાચાલકનું નામ પણ મનીષાબેન હતું. આ તકે મંતત્રી જણાવ્યું હતું કે, આ પિંક ઓટો રિક્ષા ચલાવવાથી ગામડાની બહેનોમાં આત્મવિશ્વાસ વધ્યો છે. પિંક ઓટો ચલાવતી આ બહેનો માત્ર પરિવહન સેવા નહીં, પરંતુ પર્યાવરણ સંરક્ષણ અને મહિલા સશક્તિકરણનું જીવંત પ્રતિક બની છે. કેવડિયા SOU ખાતે ભારત પર્વની ઉજવણીના અવસરે દેશના વિવિધ રંગો, સંસ્કૃતિઓ અને પરંપરાઓની ઝલક અહીં જોવા મળી રહી છે.

### ભરૂચમાં 'વંદે માતરમ' રચનાની ઉજાણી



ભરૂચ: ભારતના રાષ્ટ્રગીત 'વંદે માતરમ'ના નિર્માણને 150 વર્ષ પૂર્ણ થતાં સમગ્ર રાષ્ટ્રવ્યાપી ઉજવણીના ભાગરૂપે ભરૂચ કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ ઉત્સાહપૂર્વક યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી યોગેશ કાપસેની મુખ્ય ઉપસ્થિતિમાં અધિકારીઓ અને કર્મચારીઓએ વંદે માતરમ ગીતનું સામૂહિક ગાન કરી દેશભક્તિનો ઉલ્લાસ વ્યક્ત કર્યો હતો. કાપસેએ આ અવસરે જણાવ્યું કે, "વંદે માતરમનો નારો માત્ર ગીત નથી, પરંતુ પ્રત્યેક ભારતીય માટે અનંત ઊર્જાનો સ્ત્રોત છે. આ કાર્યક્રમમાં સાંસ્કૃતિક વિભાગની મિતાબેન ગવલીએ વંદે માતરમ ગીતનું ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્ત્વ રજૂ કર્યું હતું. અંતે ઉપસ્થિત સૌ અધિકારીઓ અને કર્મચારીઓએ રાષ્ટ્રસેવા, સ્વદેશી ચીજવસ્તુઓના પ્રયોગ, સ્થાનિક ઉદ્યોગોને સમર્થન, પ્રાદેશિક ભાષાઓના પ્રોત્સાહન તથા પર્યાવરણ સંરક્ષણ માટે શપથ ગ્રહણ કર્યા હતા. આ પ્રસંગે અધિક નિવાસી કલેક્ટર, ડેપ્યુટી કલેક્ટર, રેવન્યુ વિભાગ, પંચાયત તથા નગરપાલિકા વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**કૂતરાં કરડે, ગાય પટકે ને પાલિકા જોયા કરે, લોકો સહન કરે**

## ભરૂચમાં ગાયનો બે સ્થળે હુમલો પિતા-પુત્ર સહિત ચારને ઈજા

**રખડતી** ગાયે શ્રવણ ચોકડી પાસે બાઈકચાલક પર હુમલો કરી પટકી નાંખ્યો

**HDFC** બેન્ક નજીક રોડ પર ઊભેલા પિતા-પુત્રને શિંગડે ભેરવ્યા, બચાવવા દોડેલા લારીવાળાને પણ ઈજા



ભરૂચ: ભરૂચ નગરમાં રખડતાં પશુઓનો ત્રાસ વટેમાર્ગુઓને ભયભીત બનાવી રહ્યો છે. શક્તિનાથથી શ્રવણ ચોકડી વિસ્તારમાં હિંસક બનેલી એક ગાયે બે અલગ-અલગ ઘટનામાં વાહનચાલકો પર હુમલો કર્યો હતો. બંને કિસ્સામાં બાઇક સવારો રોડ પર પટકાયા હતા.

પહેલી ઘટનામાં શ્રવણ ચોકડી પાસે એક બાઇકચાલકને ગાયે પટકી દીધો હતો.

જ્યારે બીજી ઘટનામાં HDFC બેંકની સામે રોડ પર ઉભેલા પિતા-પુત્ર ઉપર પણ હિચકારો હુમલો કરતા, બંને જમીન પર ઢળી પડ્યા હતા. એ વખતે તેમને બચાવવા આવેલા એક લારીધારક પણ પટકાયા હતા.

સદભાગ્યે આ બંને બનાવમાં બાળક સહિત ચાર લોકોનો આબાદ બચાવ થયો છે. જો કે વારંવાર ઘટનાથી નગરજનોમાં ભય ફેલાયો છે.

ઉલ્લેખનીય છે કે શ્રવણ ચોકડીથી ચપાંચબત્તી સુધીના 3 કિમીના રોડ પર દર 100 મીટરે રખડતાં ઢોરોનો અડિંગો જોવા મળે છે, જેમાં શક્તિનાથ અને સેવાશ્રમ રોડના શાકમાર્કેટ વિસ્તાર મુખ્ય છે.

ચોમાસાની શરૂઆત સાથે વધી રહેલા આ ત્રાસને નિયંત્રિત કરવા માટે પાલિકા રખડતા પશુઓને પકડવાની ઝુંબેશ કાયમી ધોરણે ફરી શરૂ કરે તેવી શહેરીજનોની ઉગ્ર માંગ છે.

### કડોદરામાં અચાનક શ્વાસ ચડતાં યુવકનું મોત

પલસાણા: કડોદરા GIDCની ભગુ નગરની કૈલાસધામ સોસાયટીમાં અચાનક શ્વાસ ચડી જવાથી એક યુવકનું મોત થયું હતું. મૃતકનું નામ સર્વજીતસિંઘ શિવશંકર સીંઘ (ઉં.વ.૩૪) છે, જે મૂળ યુપીનો રહેવાસી હતો અને હાલ કડોદરા ખાતે રહેતો હતો. સર્વજીતસિંઘને તેમના રૂમ નં.૩૦, કૈલાશધામ સોસાયટી ખાતે અચાનક શ્વાસ ચડવા લાગ્યો હતો અને આખા શરીરે ખેંચ આવવા લાગી હતી. તેના મિત્ર પુષ્કપરાજ રાજુ સીંઘ દ્વારા ચલથાણની સંજીવની હોસ્પિટલ ખાતે લઈ જવાયો હતો. પણ તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

### ગોરાસા ગામના સુનીલભાઈ ગુમ

કુકરમુંડા: કુકરમુંડા તાલુકાના ગોરસા ગામના રહેવાસી સુનીલભાઈ જયસિંગ પાડવી (ઉં.વ.42) છેલ્લા ત્રણ દિવસથી ગુમ હોવાથી પરિવારજનો દ્વારા કુકરમુંડા પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની જાણ કરવામાં આવી છે. પત્ની સુનિતાબેન મજૂરીના કામ માટે સાકરી (મહારાષ્ટ્ર) ગયેલાં છે. પરિવારના સંતાનોમાં પાંચ દીકરી છે.

## જનજાતિ ગૌરવ દિવસે પીએમ મોદી ડેડિયાપાડા આવશે

**ઉપમુખ્યમંત્રી** હર્ષ સંઘવી 15 નવેમ્બરના આયોજન અંગે અધિકારીને મળ્યા

ભરૂચ: પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 15 નવેમ્બરે ડેડિયાપાડા ખાતે યોજાનારા જનજાતિ ગૌરવ દિવસના ભવ્ય સમારોહમાં ઉપસ્થિત રહેવાના છે. આ પ્રસંગે તેઓ આદિવાસી સ્વાતંત્ર્ય સેનાની બિરસા મુંડાની 150મી જન્મજયંતી નિમિત્તે યોજાનારા વિશાળ કાર્યક્રમમાં ભાગ લેશે અને જનસમૂહને સંબોધિત કરશે.

પ્રધાનમંત્રીની આ મહત્ત્વપૂર્ણ મુલાકાતને પગલે સમગ્ર વિસ્તાર અને પ્રશાસનમાં તૈયારીનો માહોલ છે. રાજ્યના ઉપમુખ્યમંત્રી હર્ષ સંઘવીએ શનિવારે ભરૂચના જીએનએફસી સરકીટ હાઉસ ખાતે ભરૂચ, નર્મદા, તાપી, છોટા ઉદેપુર અને પંચમહાલ જિલ્લાના અધિકારીઓ તેમજ ધારાસભ્યો સાથે સમીક્ષા બેઠક યોજી હતી. તેમણે આયોજનની પ્રગતિની સમીક્ષા કરી અને દરેક વિભાગને પોતાના કાર્યક્ષેત્રમાં પૂરતું સંકલન રાખી સુનિશ્ચિત વ્યવસ્થા કરવા સૂચના આપી હતી. ઉપમુખ્યમંત્રીએ કાર્યક્રમ દરમિયાન સુરક્ષા, આરોગ્ય, વાહન વ્યવહાર, પેયજળ અને વીજ પુરવઠા જેવી આવશ્યક સુવિધાઓ માટે ખાસ આયોજન કરવા જણાવ્યું હતું.

## હું ભાજપમાં જવાનો છું એ વાત ખોટી છે: ચૈતર વસાવા

**AIથી** બનાવેલા ફોટા અને અફવા સામે ચૈતરભાઈનો જવાબ



ડેડિયાપાડા, ભરૂચ: છેલ્લા બે દિવસથી સોશિયલ મીડિયામાં એવી ચર્ચા ચાલે છે કે ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતરભાઈ વસાવા ભાજપમાં જોડાવા જઈ રહ્યા છે. કેટલાકે તો એટલું પણ લખી દીધું કે વડાપ્રધાનના હસ્તે 15 તારીખે ચૈતરભાઈ વસાવાનો ભાજપમાં પ્રવેશ થવાનો છે. પરંતુ હવે ચૈતરભાઈ વસાવાએ આ તમામ અફવાઓ પર ખુદ જ મૌન તોડીને સ્પષ્ટ કહ્યું છે "હું ભાજપમાં જઈ રહ્યો છું એવી વાતો બધી ખોટી છે, ફક્ત હવાબાજી છે, એમાં જરા પણ સત્યતા નથી."

ચૈતરભાઈએ જણાવ્યું કે, "જ્યારે વડાપ્રધાન 30 તારીખે કેવડિયા આવ્યા હતા, ત્યારે ભાજપના જ કેટલાક લોકોએ એઆઈનો ઉપયોગ કરી વડાપ્રધાન સાથે મારો ફોટો જોડીને સોશિયલ મીડિયામાં ફેલાવ્યો કે હું એમને મળવા ગયો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### ભેસ્તાનના ગુમ યુવકનો મૃતદેહ અંકલેશ્વર નજીક ઝાડીમાંથી મળ્યો

અંકલેશ્વર: અંકલેશ્વર તાલુકાના ગડખોલ ગામ પાટિયા પર શુભમ ડી-માર્ટ સામેની ઝાડીમાંથી એક અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. અંકલેશ્વર બી ડિવિઝન પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પોલીસે મૃતદેહને બહાર કાઢી તપાસ હાથ ધરતાં મૃતકના ખિસ્સામાંથી ટ્રેનની ટિકિટ અને એક આધાર કાર્ડ મળ્યું હતું, જેમાં આફતાબ નામ લખેલું હતું. માહિતી અનુસાર, યુવક ૩ નવેમ્બરના રોજ સુરતના ભેસ્તાન સ્ટેશનથી ઉત્તર પ્રદેશ જવા માટે ટ્રેનમાં બેઠો હતો. પ્રાથમિક તારણ મુજબ યુવક ટ્રેનમાંથી પડી ગયો હશે કે પછી કોઈએ તેને ફેંકી દીધો હશે, એ બાબત હાલ તપાસ હેઠળ છે. યુવકના હાથ અને માથા પર ઈજાના નિશાન પણ જોવા મળ્યા છે. મૃતક ઉત્તર પ્રદેશના હઝરત જંગલ આબુવાનો રહેવાસી હોવાનુ જાણવા મળ્યું છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ગડખોલ પી.એચ.સી. ખાતે ખસેડવામાં આવ્યો છે.

### મોતા ગામે વીજ કરંટથી ભેંસનું મોત

બારડોલી: બારડોલીના મોતા ગામના રહેવાસી પશુપાલક હિરેનભાઇ અમૃતભાઇ આહીર (ઉં.વ.૩૪)એ બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં આ અંગે જાણવા જોગ નોંધાવી હતી. આ બનાવ દિનેશભાઇ ખુશાલભાઇ આહીરના ખેતર પાસે બન્યો હતો. આશરે ૬ વર્ષની ભેંસ ખેતરમાં ચરી રહી હતી. આ દરમિયાન ભેંસ ખાડામાંથી પાણી પીને બહાર નીકળતી હતી ત્યારે ખેતરમાં આવેલા જી.ઇ.બી.ના ટી.સી. (ટ્રાન્સફોર્મર)ની નીચેના વાયરમાંથી વીજ કરંટ લાગતાં તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. આ ઘટનાથી પશુપાલકને મોટું નુકસાન થયું છે.

### સાંઢિયાના શ્રમિક પર મગરનો હુમલો



રાજપીપળા: નર્મદા ડેમની મુખ્ય કેનાલના દરવાજાની સાફસફાઇ કરતા શ્રમિક પર મગરે હુમલો કરતાં તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. પ્રાપ્ત માહિતી મુજબ નર્મદા મુખ્ય કેનાલના ગોડબોલે દરવાજાની કેવડિયા નજીકના સાંઢિયા ગામનો શ્રમિક રમેશભાઈ તડવી સાફસફાઈ કરી રહ્યો હતો. ત્યારે મગરે પાછળ કમરના ભાગે હુમલો કરતાં રમેશભાઈ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. આથી તેમને સારવાર અર્થે સરકારી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

### નંદેલાવ ગામમાં બિનઝેરી ચેકર્ડ કીલબેક જાતિના ઝેરી સાપનું રેસ્ક્યુ કરાયું



ભરૂચ: ભરૂચ શહેર નજીકના નંદેલાવ ગ્રામ પંચાયતની હદના બુસા સોસાયટીના પંચવટી વિસ્તારમાં ગઈકાલે મધરાત્રે સાપ દેખાતા ભારે હલચલ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક યુવક યશ રાણાએ પ્રકૃતિ સંરક્ષણ લોક કલ્યાણ ટ્રસ્ટના જીવદયા પ્રેમી હીરેન શાહનો સંપર્ક કરતા તેને સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરાયો હતો. તેઓએ જણાવ્યું હતું કે રેસ્ક્યૂ કરાયેલ સાપ ચેકર્ડ કીલબેક જાતિનો બિન-ઝેરી હતો, જેના કારણે સ્થાનિકોમાં રાહતનો જોવા મળી હતી. બાદમાં સાપને કુદરતી પર્યાવરણમાં મુક્ત કરવામાં આવ્યો હતો.

### અંકલેશ્વરમાં હાઇબ્રિડ ગાંજા પ્રકરણના તાર સુરત સુધી લંબાયા

અંકલેશ્વર: અંકલેશ્વરની સદાનંદ હોટલ પાસે મોપેડ પર ગાંજો સપ્લાય કરતા બે શખ્સને એસ.ઓ.જી. પોલીસે રાજપીપળા ચોકડી પાસે અંબે ટ્રેડ સેન્ટર શોપિંગ કોમ્પ્લેક્સમાં આવેલી જય મુરલીધર કોલ્ડ ડ્રીન્ક એન્ડ સોપારીની દુકાન નજીકથી ઝડપી પાડ્યા હતા. પોલીસે ત્યાંથી હાઇબ્રિડ ગાંજો અને મોપેડ મળી કુલ રૂ.2.70 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ કાર્યવાહી દરમિયાન સારંગપુરના આકાશ યાદવની ધરપકડ કરવામાં આવી હતી. તેની પૂછપરછમાં ભરૂચના વિવેક રાજકુમાર ચૌહાણનું નામ બહાર આવ્યું હતું. જેને પણ પોલીસે ઝપટે લીધો હતો. બાદ તપાસ આગળ વધારતાં સુરતના દેવર્ષિ હનીભાઈ વાંકાવાલાનું નામ સામે આવ્યું હતું. અંકલેશ્વર જીઆઈડીસી અને એસ.ઓ.જી.ની સંયુક્ત ટીમે અડાજણના રાજ પેલેસ, આનંદ મહેલ રોડ નજીકથી દેવર્ષિને ઝડપ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ દેવર્ષિ વાંકાવાલા આ કેસમાં વોન્ટેડ આરોપી હતો. તેની ધરપકડ બાદ ગાંજાના ગેરકાયદે નેટવર્કના અન્ય માથાઓ સુધી પહોંચવા તપાસ ચાલી રહી છે.


શ્રી ઉકાઈ પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ. ( વ્યારા સુગર ફેક્ટરી )
નુતનવર્ષાભિનંદન
રવીન્દ્રસિંહ જી.ચૌહાણ
મેનેજીંગ ડિરેક્ટર
માનસિંહભાઈ કે.પટેલ
પ્રમુખ
કસ્ટોડિયન કમિટી સભ્યશ્રીઓ

"સ્વચ્છ, સુંદર, હરિયાળુ વ્યારા"
વ્યારાનગરપાલિકા જિ-તાપી
આવો સાથે મળી નગરનો વિકાસ કરીએ
સૌનો સાથ સૌનો વિકાસ
"દિપાવલી શુભેચ્છા" તથા
"નુતન વર્ષાઅભિનંદન"
વંદના બી. ડોબરીયા
ચીફ ઓફિસર- વ્યારા નગરપાલિકા
દિલીપભાઈ એ.જાદવ
ચેરમેન-કારોબારી
વ્યારા નગરપાલિકા
રિતેષભાઈ એચ.ઉપાધ્યાય
પ્રમુખ - વ્યારા નગરપાલિકા
નીલમબેન જી.શાહ
ઉપપ્રમુખ - વ્યારા નગરપાલિકા, તથા
વ્યારા નગરપાલિકાના સભ્યશ્રીઓ
તથા વ્યારા નગરપાલિકા સમસ્ત પરિવાર

Warm wishes for the festival of Diwali and the New Year
A Well-Wisher Vyara, Tapi

ખુલ્લી હરજી ખરોતોલ રોકડાનાણાં
શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ,વ્યારા
આદરણીયા ખેડુતભાઈઓ તથા વેપારીમિત્રોને દિપાવલીની હાર્દિક શુભેચ્છા તથા નુતન વર્ષાભિનંદન
આપની શુભ ભાવનાઓ, શુભસંકલ્પો, રિદ્ધિ અને સમૃદ્ધિનાં સંદર સ્વપ્નો સાકર બનો અને અમારી બજાર સમિતિના ઉત્કર્ષમાં સહભાગી બનો. એજ અમ અંતરની અભિલાષ
વા.ચેરમેનશ્રી
શ્રી ચંદ્રસિંહ કે.પટેલ
ચેરમેનશ્રી
શ્રી ગણેશભાઈ જે.ચૌધરી
ઈ.સેક્રેટરીશ્રી
શ્રી રોબીનભાઈ આર.ગામીત
તથા
બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ
તથા
કર્મચારી ગણ
શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વ્યારા

સૌને દિવાળી અને નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ
માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ)
વ્યારા, તાપી

દિવાળીના પાવન પર્વ નિમિત્તે સૌને હાર્દિક શુભેચ્છાઓ અને નૂતનવર્ષાભિનંદન
માર્ગ અને મકાન વિભાગ (પંચાયત)
વ્યારા, તાપી

દિવાળી તેમજ નૂતનવર્ષાભિનંદન
એક શુભેચ્છક